# 11. वेदितव्यानि मित्राणि

[સંસારના સાહિત્યિક જગતમાં સૌથી મહાકાય કૃતિ તરીકે જેની પ્રસિદ્ધિ છે, તે મહાભારત નામે જાણીતી કૃતિ મહર્ષિ વ્યાસે રચેલી છે. હાલમાં આ મહાભારત ગ્રંથ લગભગ એક લાખ શ્લોક પ્રમાણવાળો છે.

મહાભારતમાં 18 પર્વ આવેલાં છે. પ્રથમ પર્વનું નામ આદિપર્વ છે, જ્યારે સૌથી છેલ્લું પર્વ સ્વર્ગારોહણપર્વ છે. બારમા શાન્તિપર્વમાં જીવનની અનેકવિધ સમસ્યાઓનાં સમાધાન નિરૂપવામાં આવ્યાં છે.

શાન્તિપર્વમાં કુલ મળીને 365 અધ્યાય આવેલા છે. આ બધા અધ્યાયોને રાજધર્માનુશાસન પર્વ (1થી 130), આપદ્ધર્મ પર્વ (131થી 173) અને મોક્ષધર્મ પર્વ (174થી 365) એવાં આંતરિક પર્વોમાં વહેંચવામાં આવ્યા છે. આમાંના આપદ્ધર્મ પર્વમાં ભીષ્મ અને યુધિષ્ઠિરનો સંવાદ આવેલો છે અને તેમાં રાજનીતિનો ઉપદેશ છે. આવા જ એક પ્રસંગે, માણસે પોતાના મિત્રો રાખવા જોઈએ, એવો બોધ યુધિષ્ઠિરને આપ્યો છે. આ ઉપદેશ દરમિયાન એ પણ બતાવવામાં આવ્યું છે કે મિત્ર કેવા હોઈ શકે, તે કેવી રીતે બનતા હોય છે અને કેવી રીતે તે આપણા ઉપર ઉપકાર કરતા હોય છે.]

वेदितव्यानि मित्राणि विज्ञेयाश्चापि शत्रवः ।
एतत् सुसूक्ष्मं लोकेऽस्मिन् दृश्यते प्राज्ञसम्मतम् ॥1॥
शत्रुरूपा हि सुहृदो मित्ररूपाश्च शत्रवः ।
सन्धितास्ते न बुध्यन्ते कामक्रोधवशं गताः ॥2॥



नास्ति जातु रिपुर्नाम मित्रं नाम न विद्यते ।
व्यवहाराच्च जायन्ते मित्राणि रिपवस्तथा ॥3॥
यो यस्मिन् जीवति स्वार्थं पश्येत् पीडां न जीवति ।
स तस्य मित्रं तावत् स्याद् यावन्न स्याद् विपर्ययः ॥4॥

मित्रं च शत्रुतामेति कस्मिंश्चित् कालपर्यये ।
शत्रुश्च मित्रतामेति स्वार्थो हि बलवत्तरः ॥ 5 ॥
तन्मित्रं कारणं सर्वं विस्तरेणापि मे शृणु ।
कारणात् प्रियतामेति द्वेष्यो भवति कारणात् ॥ 6 ॥
प्रियो भवति दानेन प्रियवादेन चापरः ।
मन्त्रहोमजपैरन्यः कार्यार्थं प्रीयते जनः ॥ 7 ॥
उत्पन्ना कारणे प्रीतिरासीन्नौ कारणान्तरे ।
प्रध्वस्ते कारणस्थाने सा प्रीतिर्विनिवर्तते ॥ 8 ॥
आत्मरक्षणतन्त्राणां सुपरीक्षितकारिणाम् ।
आपदो नोपपद्यन्ते पुरुषाणां स्वदोषजाः ॥ 9 ॥
शत्रून् सम्यग् विजानाति दुर्बला ये बलीयसः ।
न तेषां चाल्यते बुद्धिः शास्त्रार्थकृतनिश्चया ॥ 10 ॥

## ટિપ્પણી

**નામ (પુંલ્લિંગ) : लोकः** જગત, લોક **व्यवहारः** વર્તણૂક, વ્યવહાર, આચરણ **स्वार्थः** સ્વાર્થ, ગરજ **विपर्ययः** અવળો, ઊલટો **कालपर्ययः** સમયનું બદલાવું તે, કાળનું પસાર થવું તે **प्रियवादः** પ્રિય લાગે તેવું વચન

**(સ્ત્રીલિંગ) : पीडा** દુઃખ, કષ્ટ **शत्रुता** દુશ્મનાવટ **मित्रता** મૈત્રી, દોસ્તી **प्रीतिः** પ્રેમ, સ્નેહ

**(નપુંસકલિંગ) : कारणम्** કારણ, હેતુ, નિમિત્ત

**સર્વનામ : एतत्** આ (નપું.) **अस्मिन्** આમાં (પું. કે નપું.) **यस्मिन्** જેમાં (પું. કે નપું.) **मे** મારું **ये** જેઓ (પું.) **तेषाम्** તેમનું, તેઓનું (પું. કે નપું.)

**વિશેષણ : वेदितव्य** જાણવા યોગ્ય **विज्ञेय** જાણવા લાયક **सुसूक्ष्म** ખૂબ જ સૂક્ષ્મ **सम्मत** માન્ય, સ્વીકૃત **सन्धित** જોડાયેલું, સંધિયુક્ત, જોડાણવાળું **बलवत्तर** વધારે બળવાન, ભારે બળવાળું **द्वेष्य** દ્વેષને પાત્ર **अपर** બીજું **प्रध्वस्त** નાશ પામેલું.

**અવ્યય : हि** ખરેખર **जातु** ક્યારેય

**સમાસ :** प्राज्ञसम्मतम् (प्राज्ञानां सम्मतम् प्राज्ञसम्मतम् । षष्ठी तत्पुरुष) । कामक्रोधवशम् । (कामः च क्रोधः च इति कामक्रोधौ, (इतरेतर, द्वन्द्व) । कामक्रोधयोः वशः कामक्रोधवशः, तम् । षष्ठी तत्पुरुष) कालपर्यये (कालस्य पर्ययः कालपर्ययः, तस्मिन् । षष्ठी तत्पुरुष) । मन्त्रहोमजपैः (मन्त्रः च होमः च जपः च मन्त्रहोमजपाः, तैः । इतरेतर द्वन्द्व) । आत्मरक्षणतन्त्राणाम् (आत्मनः रक्षणम् आत्मरक्षणम् (षष्ठी तत्पुरुष) । आत्मरक्षणस्य तन्त्रम् आत्मरक्षणतन्त्रम्, तेषाम् । षष्ठी तत्पुरुष) । स्वदोषजाः (स्वस्य दोषः स्वदोषः (षष्ठी तत्पुरुष) । स्वदोषात् जायन्ते इति स्वदोषजाः, उपपद तत्पुरुष) ।

**ક્રિયાપદ : પ્રથમ ગણ :** (આત્મનેપદ) **वि+नि+वृत्** (विनिवर्तते) નિવૃત્ત થવું

**ચતુર્થ ગણ :** (આત્મનેપદ) **विद्** (**विद्यते**) હોવું **जन्** (**जायते**) ઉત્પન્ન થવું **उप+पद्** (**उपपद्यते**) ઉત્પન્ન થવું, સંપન્ન થવું, ઊપજવું

## વિશેષ

**(1) શબ્દાર્થ :** **वेदितव्यानि** જાણવા યોગ્ય, જાણી લેવા જોઈએ. **दृश्यते** જોવામાં આવે છે. **आपद्** આપત્તિ **शत्रुरूपाः** દુશ્મનનું રૂપ ધરાવતા **मित्ररूपाः** મિત્રનું રૂપ ધરાવતા **न बुध्यन्ते** જાણી શકાતા નથી. **जीवति** જીવતા હોય ત્યારે (સતિ સપ્તમી) **स्यात्** થાય. બને. **एति** જાય છે. પ્રાપ્ત કરે છે. પામે છે. **कस्मिंश्चित्** કોઈકમાં **प्रियवादेन** પ્રિય બોલવાના કારણે **कार्यार्थम्** કામ માટે, કામ પાર પાડવા માટે **प्रीयते** ખુશ થાય છે **कारणान्तरे** અન્ય કારણમાં, બીજું પ્રયોજન પાર પાડવામાં **आत्मरक्षणतन्त्राणाम्** પોતાના રક્ષણ માટે સ્વાધીન લોકોનું **सुपरीक्षितकारिणाम्** સારી રીતે ચકાસીને કાર્ય કરનારાઓનું **आपदः** આપત્તિઓ, મુશ્કેલીઓ **नोपपद्यन्ते** ઉત્પન્ન થતી નથી. આવતી નથી. **विजानाति** જાણે છે. વિશેષ રૂપે જાણે છે. **बलीयसः** બળવાનોને **चाल्यते** ચલિત કરાય છે. **शास्त्रार्थकृतनिश्चया** શાસ્ત્રના અર્થ-પ્રયોજનના આધારે નક્કી કરાયેલી.

**(2) સન્ધિ :** विज्ञेयाश्चापि (विज्ञेयाः च अपि) । लोकेऽस्मिन् (लोके अस्मिन्) । शत्रुरूपा हि (शत्रुरूपाः हि) । सुहृदो मित्ररूपाश्च (सुहृदः मित्ररूपाः च) । सन्धितास्ते (सन्धिताः ते) । नास्ति (न अस्ति) । रिपुर्नाम (रिपुः नाम) । व्यवहाराच्च (व्यवहारात् च) । रिपवस्तथा (रिपवः तथा) । यो यस्मिन् (यः यस्मिन्) । स तस्य (सः तस्य) । स्याद् यावन्न (स्यात् यावत् न) । स्याद् विपर्ययः (स्यात् विपर्ययः) । शत्रुतामेति (शत्रुताम् एति) । शत्रुश्च (शत्रुः च) । मित्रतामेति (मित्रताम् एति) । स्वार्थो हि (स्वार्थः हि) । तन्मित्रम् (तत् मित्रम्) । विस्तरेणापि (विस्तरेण अपि) । प्रियतामेति (प्रियताम् एति) । द्वेष्यो भवति (द्वेष्यः भवति) । प्रियो भवति (प्रियः भवति) । मन्त्रहोमजपैरन्यः (मन्त्रहोमजपैः अन्यः) । प्रीतिरासीन्न (प्रीतिः आसीत् न) । प्रीतिर्विनिवर्तते (प्रीतिः विनिवर्तते) । आपदो नोपपद्यन्ते (आपदः न उपपद्यन्ते) । दुर्बला ये (दुर्बलाः ये) ।

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) कस्मात् मित्राणि रिपवः च जायन्ते ? ○

(क) शास्त्रज्ञानात् (ख) व्यवहारात् (ग) दैवात् (घ) बुद्धिबलात्

(2) प्रध्वस्ते कारणस्थाने सा प्रीतिः .......... । ○

(क) विनिवर्तते (ख) जायते (ग) वर्धते (घ) दृश्यते

(3) आत्मरक्षणतन्त्राणां पुरुषाणां किं न उपपद्यते ? ○

(क) आपत्तिः (ख) सुखम् (ग) सम्पत्तिः (घ) स्वार्थम्

(4) शत्रुमित्रसम्बन्धे कः बलवत्तरः ? ○

(क) स्वदोषः (ख) स्वार्थः (ग) प्रियालापः (घ) लोकः

(5) मित्रं कदा शत्रुताम् एति ? ○

(क) भाग्यक्षये (ख) मृत्युकाले (ग) कालविपर्यये (घ) धनागमे

**2. अधोलिखितानां प्रश्नानां संस्कृतभाषया उत्तरं लिखत ।**

(1) किं रूपाः सुहृदः शत्रवः च ?

(2) मित्राणि रिपवः च कथं जायन्ते ?

(3) जनः कस्मात् प्रियताम् एति ?

(4) कीदृशानां पुरुषाणाम् आपदः न उपपद्यन्ते ?

(5) यः शत्रून् सम्यग् विजानाति तस्य किं भवति ?

3. **समासप्रकारं लिखत ।**

(1) प्राज्ञसम्मतम् ....................
(2) कालपर्यये ....................
(3) कामक्रोधौ ....................
(4) मन्त्रहोमजपै: ....................

4. **उदाहरणानुसारं शब्दरूपैः रिक्तस्थानानि पूरयत ।**

**उदाहरणम् :**

| | | | |
|---|---|---|---|
| | मित्रम् | मित्रे | मित्राणि |
| (1) | पीडाम् | .................... | .................... |
| (2) | .................... | .................... | लोकेषु |
| (3) | दानेन | .................... | .................... |
| (4) | कारणात् | .................... | .................... |

5. **उदाहरणानुसारं प्रदत्तान् शब्दान् आधृत्य वाक्यरचनां कुरुत ।**

**उदाहरणम् :** બાળકો ફળો ખાય છે. (बाल, फल, खाद्) – बालाः फलानि खादन्ति ।

(1) મેઘના પાણી પીએ છે. (मेघना, जल, पा–पिब्)
(2) અધીશ પુસ્તક વાંચે છે. (अधीश, पुस्तक, पठ्)
(3) સાપ દરમાં જાય છે. (सर्प, बिल, गम्–गच्छ्)
(4) અનિલા અમિતને બોલાવે છે. (अनिला, अमित, आ+ह्वे–ह्वय्)
(5) આર્ષ ગુરુને નમન કરે છે. (आर्ष, गुरु, नम्)

6. **मातृभाषया उत्तरं लिखत ।**

(1) મહાભારતકારે શત્રુ અને મિત્ર થવાનું કારણ શું બતાવ્યું છે ?
(2) મિત્ર શા માટે શત્રુ થઈ જતો હોય છે ?
(3) આપત્તિમાં પણ કોની બુદ્ધિ વિચલિત થતી નથી ?

7. **श्लोकपूर्तिं कुरुत ।**

(1) नास्ति जातु ......... रिपवस्तथा ।
(2) आत्मरक्षणतन्त्राणां ........ स्वदोषजाः ।

**પ્રવૃત્તિઓ**

- મહાભારતના પ્રસંગો મેળવીને વાંચો.
- મહાભારતના પરિચય માટે દૃશ્ય-શ્રાવ્ય માધ્યમનો ઉપયોગ કરો.

•